Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH


## ધર્મની જરૂરિયાત

સર્વ ધર્મો પ્રત્યે સમભાવ કેળવવા માટે તે તે ધર્મોનો તુલનાત્મક અભ્યાસ થવો જોઇએ. અભ્યાસમાં ન્યાયદૃષ્ટિ રહેલી હશે તો આપોઆપ જ સમભાવ જન્મશે.

ધર્મ એ માણસની મૂળભૂત જરૂરિયાત છે. માણસ સર્વત્ર, સૌથી પ્રથમ માણસ છે છતાં સ્થળ, સમય અને સંસ્કાર એક પ્રદેશના માણસ કરતાં બીજા પ્રદેશના માણસને નોખી રુચિ અને નોખો આકાર આપતાં જણાયાં છે. આમ વિવિધતામાં મૂળ તો આત્માની–તેના સ્વભાવની–એકતા રહેલી છે.

ગુલાબની કેટલી બધી જાતો છે? અને નિત નવા પ્રયોગો થતાં જ રહે છે અને નવી નવી જાતો ઉત્પન્ન થયા જ કરે છે. આમ કરવામાં ગુલાબ આપણે ગુમાવ્યું નથી પણ તેમાં રહેલી ગુપ્ત વિવિધતાને પ્રગટ કરી છે.

એક જ કલમનું ગુલાબ એક જમીનમાં ઊગીને જેવો આકાર ધારે છે તે જ ગુલાબ જુદા ગુણધર્મવાળી બીજા પ્રદેશની જમીનમાં ઊગે છે ત્યારે સ્થળ–સંસ્કાર અનુસાર જરા નોખો આકાર ધારણ કરે છે. અને તે આપણે સહજ માનીએ છીએ. તે જ રીતે જગતના ભિન્ન ભિન્ન ધર્મો વિશે સહજપણે સ્વીકારતા નથી તે જ ધર્મ–ધર્મ વચ્ચેના વિખવાદનું મૂળ છે.

—સમર્પણમાંથી


પુસ્તક ૫૮
અંક ૩

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પોષ
સં. ૨૦૧૭


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमणीका


| | | | |
|---|---|---|---|
| ૧ | સુભાષિત | | ૪૯ |
| ૨ | માતરતિર્થ (કાવ્ય) | ( મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી ) | ૫૦ |
| ૩ | હરિયાલી (કાવ્ય) | ( ચંદનમલ નાગોરી ) | ૫૧ |
| ૪ | ઉપેક્ષિત વનકુસુમ (કાવ્ય) | ( કવિ સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ ) | ૫૨ |
| ૫ | વડલો (કાવ્ય) | ( બાપુલાલ કાલિદાસ સંઘાણી ) | ૫૩ |
| ૬ | ઉદ્દેશની એકતા | ( વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ૫૪ |
| ૭ | મારી ઉમર પાંચ વર્ષની છે ? | ( બાલચંદ હીરાચંદ માલેગામ ) | ૫૮ |
| ૮ | સાધુસાધ્વી શિબિર શું અને શા માટે | ( મુનિ નેમિચન્દ્ર ) | ૬૦ |
| ૯ | આવી નાની વાતો ઉપર જ જીવન નાવનો આધાર છે | ( અનુ૦ 'અનામી' ) | ૬૨ |
| ૧૦ | સમયનું મૂલ્ય | | ૬૩ |
| ૧૧ | બે ગુણની અત્યારે ભારે જરૂર છે એક કરુણા અને બીજો સંયમ | ( વિનોબા ) | ૬૪ |



## જીવનને ઘડવામાં ઉપયોગી

# બે પ્રાણવાન પ્રકાશનો

## જ્ઞાનપ્રદીપ ( ભાગ ૧ થી ૩)

આ ગ્રંથમાં સ્વ. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજીએ લખેલા આધ્યાત્મિક લેખોનો સર્વસંગ્રહ રજુ કરવામાં આવ્યો છે.

લેખો એટલા ઊંડા અને તલસ્પર્શી છે કે તે વાંચનારને જૈન દર્શનશાસ્ત્રનો ઊંડો અભ્યાસ આપોઆપ થઈ જાય છે. ટૂંકામાં આત્મસિદ્ધિ માટે આ ગ્રંથ ખાસ વાંચન-મનન કરવા જેવો છે. લગભગ છસો પાનાનો આ ગ્રંથ મોટો હોવા છતાં તેની કિંમત માત્ર રૂા. ૮-૦ રાખવામાં આવેલ છે ( ટ્પાલ ખર્ચ અલગ ).

## કથાદીપ

લેખકઃ—મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ )

તત્વચિંતક મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી ( ચિત્રભાનુ ) ના આ ગ્રંથ સંબંધી સુવિખ્યાત નવજીવન પત્ર પરિચય આપતાં જણાવે છે કે—

જૈન મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનું આ પુસ્તક આવકારપાત્ર છે. એમાં સંગ્રહિત થયેલી ૨૩ લઘુકથાઓ આપણા જીવનને ઘડવામાં ઉપયોગી થાય એવી છે. એમાં મુનિશ્રીનું ઊંડું ચિંતન તેમજ નિર્મળ દર્શન દૃષ્ટિએ પડ્યા વિના રહેતા નથી. દરેક કથાની શરૂઆતમાં આપેલા વિચાર-મૌક્તિકો પણ સુવિચારપ્રેરક છે. સૌને આ પુસ્તક ગમે એવુ છે. કિંમત દોઢ રૂપિયો ( પોસ્ટેજ અલગ ) ગ્રંથરત્નો આજે જ મંગાવો

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री आत्मानंद प्रकाश

વર્ષ ૫૮ મું ] પોષ તા. ૧૫-૧-૬૧ [ અંક ૩

## सुभाषित

भद्रं भद्रं कृतं मौनं कोकिलै र्जलदागमे ।
वक्तारो दर्दुरा यत्र तत्र मौनं समाचरेत् ॥

( અનુવાદ )

કર્યું સારું રહે મૂંગા, વર્ષા બેઠે જ કોકિલો;
બોલતા દેડકા તેવે ઉચિત ચૂપ બેસવું.

**વિવરણ**—વર્ષાઋતુ બેસતાં જ સર્વત્ર દેડકાઓના સતત ડ્રાઉં ડ્રાઉં અવાજો શરૂ થાય છે અને આખો ઉનાળો મધુર ટહુકાર રેલવતા કોકિલનું ગાયન બંધ થાય છે. એ નૈસર્ગિક બનાવનું રૂપક યોજીને આ શ્લોકમાં એક ચોટદાર વ્યવહાર બોધ દીધો છે; કે અણસમજુ મૂર્ખ યા પામર માણસો નિરર્થક બોલબોલ કરતા હોય તેવે વખતે શાણા માણસે ચૂપ થઈ જવું જ ઉચિત છે. માણસે અવસર સમજીને ફોગટ સ્પર્ધામાં ન પડવું.

'કુમાર'માંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માતરતિર્થ

[ શ્રી સુમતિનાથજીનું સ્તવન ]

( રાગ–દેખ તેરે સંસાર કી હાલત–નાસ્તિક )

જીવન નાવના પ્યારા સુકાની, આતમના આધાર;
રક્ષા કરજો હે કિરતાર.
દિવસે પૂજું, રાત્રે ભજું સમરૂં સાંજ સવાર;
રક્ષા કરજો હે કિરતાર—ટેક૦

સાખી– થયા દર્શન આજે તારા, મહા પુણ્યના યોગથી મને,
સંસારના સંતાપોથી શાંતિ થઈ છે જોતા તને;
કૈં કૈં આશા ભરીને આવ્યો, આજ તારે દરબાર.
— રક્ષા કરજો૦ ૧

સાખી– જીવન ગંગા બની કલુષિત, ક્રોધ લોભના પડી પનારે,
ઇર્ષ્યા મમતાએ નચાવ્યો, ચોરાશિ ચોક મોઝારે;
કામ માનના વમળ માંહી, ડુબી રહ્યો સંસાર.
—રક્ષા કરજો૦ ૨

સાખી– દયાના સાગર, કરૂણા ભંડાર, હાલત બુરી છે મારી,
મનડું મારૂં બહુ અકળાયે, કૃપા યાચું આજે તારી;
તન મનનો સૌ રંગ હટાવી, કરો જીવન ચમકાર.
—રક્ષા કરજો૦ ૩

સાખી– માતા **સુમંગલાના** જાયા, **મેઘરાજ** કુલને સોહાયા,
પંચમ પ્રભુ શ્રી **સુમતિનાથ** ! હૈયામાં તમને વસાયા.
પંચમગતિ દોને વાલા, થાયે જીવન ઝમકાર.
—રક્ષા કરજો૦ ૪

સાખી– તિર્થ રમન્ય સુંદર નીરખી, ગામ **માતર**માં વાસ તમારો,
કરી દર્શન, ભજી અંતરમાં, આનંદ હર્ષ અપારો:
**લક્ષ્મીસાગર** જીવન અર્પે, કરો સેવક સંભાળ.
—રક્ષા કરજો૦ ૫

રચયિતા--મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી—પાનસરતિર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હરિયાલી

## શ્રીમાન્ મહોપાધ્યાયજી કૃત

પ્રેષક-ચંદનમલ નાગોરી, છોટી સાદડી (મેવાડ)

સકલ મનોરથ પૂરણો રે, પ્રણમીય શાન્તિજીણંદ ।
એ હરિયાલી અતિ ભલી રે, સુણજ્યો પંડિત વૃંદ ।
સુણજ્યો પંડિત વૃંદ રે, કહિયે અર્થ વિચાર ।
વિચારી લહીયેજી, પંડિતજી રે જી ।

અવધિ કહી છે પક્ષ એકની, અવધિ કહી છે માસ એકની ।
અવધિ કહી છે વર્ષ દિવસની, પંડિતજી રે જી ।

એક અપૂરવ વાતડી રે, બે બહિની-અભીરામ ।
ધણીયાતિ પણ પરણી નહિ રે, ધણીનો કહાવે નામ ।
ધણીનો કહાવે નામ રે, કહીયે અરથ વિચાર ।
પેલો જન્મ છે જેહનો રે, તે નાની થઇ નાર ।
પછે જાંઈ મ્હોટી થઈ રે, એહ અચંતી અપાર । એહ૦ ।

જન્મ થકી બે સારખી રે, નહિ તરૂણી નહિ બાલ ।
નહિ વાંઝણી નહિ ગાભણી રે, છોરૂ જણે રસાલ । છો૦ ।

મોટી ઘર માંહી ઘણાં રે, ન્હાનીને ઘર એક ।
હોય નારી એક નામ છે રે, ન્હાની મે ઘણો વિવેક । ના૦ ।

નાગી પણ દીસે ભલી રે, નાગી ન દીસે કોય ।
કામ વિહુણી કામની રે, દેવ સરૂપી હોય । દે૦ ।

મોહનગારી હોઇ માનની રે, જેસી મોહનતેલ ।
જે નર એહને આદરે રે, જસ ઘર હોય રંગરેલ । જ ।

શ્રી નયવિજય વિબુધ તણો રે, વાચક જશ કહે શિષ્ય ।
કર જોડીને વિનવું રે, પુરજ્યો સંઘ જગીશ । પુ૦ ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપેક્ષિત વનકુસુમ

( કવિ વનકુસુમના મુખેથી માનવને ઉપદેશ આપે છે )

( મદિરા છંદ )

વનવગડામાં નિર્જન ધરણી નિર્વાસિત ગિરિ ગુફામહી
વાઘ વરૂ ઘુવડોના વાસે જન્મ માહરો થયો સહી
રૂપ માહરૂં વર્ણ માહરો કોઈ ન જાણે જ્ઞાનગુણે
ગંધ સુમંગલ સુમધુર ચારો અહિંઆ જ્ઞાત ન કોઈ તણે ૧

નહીં ઓળખતા ગુણ પણ મારા ઈહાં ઉપેક્ષા થઈ મારી
જગમાં નહિવત્ હું વિકસ્યો ને કરમાયો ગતિ એ મારી
જન્મ મૃત્યુની ગણના મારી કાલચક્રમાં એક વધી
જન્મ્યો પણ નહીં જન્મ્યા જેવો વ્યર્થ માહરી ક્રિયા બધી ૨

મિત્ર માહરા વનવાસી પશુપંખી નિર્ભય જે વિચરે
વિવિધ મધુર વા કર્કશ જેના સ્વર ગુણ ગાતા બુદ્ધિ ઠરે
સારસ કોકિલ ચાતક પોપટ મેના ગાયે મધુ ગાનો
આલાપે સ્વચ્છંદ મનોહર કર્ણ મધુર રાગો જાણે। ૩

હું મારા મધુગંધ મસ્ત જે ફેલાવું છું વનમાંહે
તેથી વાતાવરણ સુગંધિત થાતાં અમને સહુ ચાહે
સ્વર સાંભળતા ગંધ સમર્પી કરી સહકાર અમે રહીએ
પૂરક થઈને પરસ્પરોના સુખ આનદ સદા લહીએ ૪

માનવ નિર્મત રાગ દ્વેષને અમે ન કદીએ ઓળખીએ
ઈર્ષ્યા દ્વેષ અને કલહો નહીં અમે જાણીએ મન માહે
નિર્ઝર જલના પ્રપાન સુંદર ગાન અલાપે નિત્ય નવા
વિવિધ રંગના વિટપપર્ણના મુગ્ધ કરે સહુને એવા ૫

કાળ નિર્ગમન અમે શાંતિથી કરીએ રાતદિવસ ભોળો
માનવના સ્વપ્ને પણ નાવે નિર્વિકાર આનંદ ભલો
કદિ માનવ જેવા કલહો ને કંકાસો જો આચરીએ
સર્વ નાશ નોતરતા અમને વાર ન લાગે સુખ હરીએ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન તણો અભિમાન ભલે હો માનવને આ જગ માંહે
અજ્ઞાન અવિદ્યા મિશ્રણ બહુ વિધ ભર્યું પડયું છે એ માંહે
નિર્વિકાર જો અમસમ થાએ તો તરશે એ ભવસિંધુ
અમ પાસેથી ગુણ તારવતા ભવ બનશે એ જલબિંદુ ૭

એકેદ્રિય ને બાલ અમે પણ અમથી જો કાંઇ બોધ ભણો।
કાર્ય તમારૂં સ્હેજે સરશે શંકા એમાં નહીં ગણો
વિભાવ છોડી સ્વભાવમાં જો રત કરશો નિજ મન જોઇ
બાલેન્દુ વનકુસુમગંધના મુખે બોધતો એ ભાઇ ૮

કવિ–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

## વડલો !

લેખક–બાપુલાલ કાલિદાસ સધાણી વીરબાલ મોરવાડા

હું તો ભાદરવાનો ભીંડો
થાઉ ત્વરિત માટી પીંડો—૧

પઢો પોપટજી થઈને મ્હાલું
હૈયું સાવ જ ઠાલું—૨

સંગ તરા તો રંગ પતંગી
જરા વિયોગે જાય છલંગી—૩

ઉંડે મુળ ઉતરે મ્હારાં
ના કદી થાયે નોંધારાં—૪

ગરવો થવા સ્તવું વડલો
ઘેરા વ્હાય છોને વંટોળો—૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉદ્દેશની એકતા

વિઠ્ઠલદાસ મૂ. શાહ

વર્તમાન સમયમાં કોઈ પણ કાર્યમાં યશ પ્રાપ્ત કરવો તે સહેલું કામ નથી. આજકાલ આપણી ચારે બાજુ એવી ઘણી નવીન બાબતો ઉપસ્થિત થઈ રહી છે કે જે આપણું ધ્યાન પોતાની તરફ ખેંચી રહી છે. આપણું મન એ સર્વ વાતો જાણવા માટે, સાંભળવા માટે અને જોવા માટે લલચાયા કરે છે. કોઈ મનુષ્યને વેપાર, કલાકુશળતા અથવા ઉદ્યોગ ધંધામાં સફળતા પ્રાપ્ત કરતો જોઇને આપણે પણ વેપારી બનવા ઈચ્છીએ છીએ, જ્યારે આપણે કોઈ મનુષ્યની શારીરિક શક્તિના અદ્ભુત પ્રયોગો જોઇએ છીએ ત્યારે આપણે પ્રા. રામ મૂર્તિનું અનુકરણ કરવા ઈચ્છીએ છીએ. જ્યારે આપણે કોઈ મનુષ્યની બુદ્ધિનો પ્રશંસનીય પ્રભાવ જોઇએ છીએ ત્યારે આપણું મન સ્વયમેવ તેની નકલ કરવાની ઈચ્છા કરવા લાગે છે. કોઈ સમર્થ વકીલ, બેરીસ્ટર, ડોક્ટર, એન્જીનીયર વગેરેને જોઇને તેની જેવું જીવન વ્યતીત કરવાની ઈચ્છા સેંકડો વિદ્યાર્થીઓનાં મનમાં સ્વયમેવ ઉત્પન્ન થયા કરે છે. કોઈ વક્તા અથવા ઉપદેશકની વક્તૃતા સાંભળીને, કોઇ કવિની કવિતા વાંચીને, અને કોઇ લેખકનો ગ્રંથ જોઇને આપણાં મનમાં વક્તા, કવિ અને ગ્રંથકાર બનવાની ઈચ્છા ઉત્પન્ન થાય તો તે આશ્ચર્યની વાત નથી. સારાંશ એ છે કે જ્યાં જ્યાં આપણે જોઇએ છીએ ત્યાં ત્યાં આપણું મન આકર્ષાય છે અને અન્ય લોકોની સફલતા જોઇને લલચાવા લાગે છે આ વર્ણન કાલ્પનિક નથી. ઘણું કરીને સર્વ વિદ્યાર્થીઓ તેમજ મોટી ઉમ્મરના કેટલાક મનુષ્યો પણ આ માનસિક ચંચલતાના વિષયમાં સ્વાનુભવથી ગવાહી આપી શકે છે એક વખત વિદ્યાર્થી પોતાનાં મનમાં કહે છે કે હું કોઈ કોલેજમાં અધ્યાપકનું કામ કરીને મારા દેશના યુવકોને ઉપયોગી શિક્ષણ આપીશ. બીજીવાર તે એમ કહે છે કે હું મારા દેશની આર્થિક સ્થિતિમાં સુધારો કરીને લોકોને સંપત્તિમાન અને સુખી બનાવવાનો પ્રયત્ન કરીશ, પરંતુ જે મનુષ્ય આ જમાનામાં રહીને ધ્યાનપૂર્વક પોતાની ઉન્નતિના ઉપાયનો વિચાર કરશે તેને એ વાતનું અવશ્ય ભાન થશે કે અનેક ઉદ્દેશો એક સાથે પુર્ણ થાય તે વાત અસંભવિત છે.

આજકાલ જીવન કલહની તીવ્રતા ઘણી જ વધી ગઇ છે, અને આપણે જે તે વસ્તુની પાછળ આપણા મનને ભટકવા દેશું તો અંતમાં નુકશાન સહન કરવું પડશે. જો આપણે આપણા મનને એક સાથે અનેક કાર્યોમાં રોકશું તો અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટની કહેવત અહિતાર્થ થયા વિના રહેશે નહિ. આ જમાનો ખાસ કામો કરનારનો છે, સાધારણ માણસનો નથી. જે મનુષ્ય કોઇ એક કાર્ય હાથમાં લઇને એકાગ્ર ચિત્તથી તે પુરું કરે છે તે જીવન સંગ્રામમાં વિજય પ્રાપ્તિનો અધિકારી બની શકે છે. વિચાર કરવા જેવી વાત છે કે જે મનુષ્યનાં તન, મન, ધન પ્રત્યેક સમયે ઉત્પન્ન થનારી અનેક ઈચ્છાઓ પુર્ણ કરવામાં લાગી રહે છે તે મનુષ્યની કાર્ય સિદ્ધિમાં તથા એક બીજા મનુષ્યની એક માત્ર નિશ્ચિત ઈચ્છા પુર્ણ થવામાં કેટલો તફાવત રહેલો છે? કહેવાની મતલબ એ છે કે જો આપણે સફલતાપુર્વક આપણું જીવન વ્યતીત કરવા ઈચ્છતા હોઇએ તો આપણે એ વાતનો નિશ્ચય કરી લેવો જોઇએ કે આ સંસારમાં આપણો વિશિષ્ટ ઉદ્દેશ કયો છે? એ ઉદ્દેશ એક વખત નિશ્ચિત થઈ ગયા પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના ઉપર હંમેશાં આરૂઢ રહેવું જોઇએ, તેને જ હંમેશાં વળગી રહેવું જોઇએ.

આપણા દેશની વર્તમાન દશા અનુસાર એવાં એટલાં બધાં સારાં સારાં કાર્યો છે કે જે ઉદ્દેશના વિષયમાં સાવધાન રહેવાથી સરળતાપુર્વક કરી શકાય છે એ સંદેહ વગરની વાત છે. કોઇ શિક્ષણદ્વારા પોતાના દેશબંધુઓને શિક્ષિત કરી શકે છે, કોઇ સામાજિક સિદ્ધાંતો અનુસાર પોતાના સમાજની ઉન્નતિ કરવાના યત્ન કરી શકે છે, કોઇ વિજ્ઞાનની સહાયથી ખેતી, વેપાર, કળા કૌશલ્ય વગેરેમાં ઘણો જ સુધારો કરી શકે છે, કોઇ રાજનીતિનો અભ્યાસ કરીને પોતાના દેશનું ભલું કરી શકે છે અને કોઇ પોતાના ધર્મના સનાતન તત્ત્વોના આધારે સુખ અને શાંતિપુર્વક જીવન વ્યતીત કરવાનો માર્ગ બતાવી શકે છે. આ કહેવું કઠિન નથી પરંતુ અનુભવથી જાણી શકાય છે કે એ સર્વ ઉપયોગી કાર્યોમાં અમુક એક કાર્ય વિશેષ સારું હોય છે; પરંતુ ઘણે ભાગે લોકો એવાં કાર્યમાં લાગી જાય છે કે જે તેઓની સ્વાભાવિક અવસ્થાની પ્રતિકૂળતાને લઇને તેઓનાથી થઇ શકતા નથી. એવાં કાર્યો કરવામાં પરિશ્રમ અને શક્તિનો દુરુપયોગ થાય છે; આપણે એવાં કાર્યો હાથ લેવાં જોઈએ કે જે આપણી સ્વાભાવિક અવસ્થાને અનુકૂળ હોય, જે કરવાની આપણામાં કંઇક સ્વાભાવિક યોગ્યતા હોય. આકાશમાંથી તારા ઉતારવાની કોશીશ કરવી તે વ્યર્થ છે. કાર્યના આરંભમાં જ જ્યારે આપણે ઉદ્દેશ નિશ્ચિત કરવાનો સમય હોય ત્યારે ખૂબ વિચાર કરી લેવો જોઈએ. અને એક કાર્ય હાથમાં લીધા પછી તેને પૂરું કરીને જ છોડવું જોઇએ. જ્યાંસુધી કાર્ય અથવા ઉદ્દેશની સફળતાની કોઈ પણ સંભાવના અને સંધિ હોય અને જ્યાંસુધી કાર્યની અનુપયોગિતા પ્રતીત ન થાય ત્યાં સુધી તેમાં નિષ્ફળતા મળે તોપણ તે વારંવાર કરતા રહેવું જોઈએ. હમેશાં એટલું સ્મરણમાં રહે કે બધા કાર્યોમાં હાથ લગાવવાથી કોઈપણ જાતનો લાભ થતો નથી.

ઘણે ભાગે અધિકાંશ લોકો પોતાનાં મનની ચંચલતાને લઇને કોઈપણ એક કાર્ય કે ઉદ્દેશમાં સ્થિર રહી શકતા નથી. એવા લોકોને પસ્તાવા સિવાય બીજો કોઈપણ લાભ થઈ શકતો નથી. આ વિષયમાં નીચેનું દૃષ્ટાંત ઉપદેશક થઈ પડશે. એક વખત એક હિન્દુ અને એક મુસલમાન પરસ્પર તકરાર કરવા લાગ્યા; મુસલમાન રામને અસત્ય સિદ્ધ કરવા લાગ્યો અને અને હિન્દુ રહીમને. આ વાતનો નિર્ણય થવો મુશ્કેલ હતો. એટલા માટે તે બન્નેએ એક સભ્ય મનુષ્યને મધ્યસ્થ તરીકે નિયત કર્યો. મધ્યસ્થ માણસે એટલું જ કહીને ઝગડો ટાળવાનો યત્ન કર્યો કે હિન્દુને માટે રામ અને મુસલમાનને માટે રહીમ સત્ય છે છતાં તે બન્ને માણસો હઠ કરીને એકબીજાને અસત્ય કહેવા લાગ્યા ત્યારે એ મધ્યસ્થ માણસે કહ્યું કે તમે બન્ને એક પર્વતના ઊંચા શિખર ઉપરથી પોતપોતાના ઇષ્ટ દેવનું નામ સ્મરણ કરીને નીચે કૂદી પડો અને જે માણસ પડીને મરી જશે તે અસત્ય ઠરશે. હિન્દુ **'રામ'**નું નામ લઇને કૂદી પડ્યો અને એક પથ્થરને પકડીને લટકી રહ્યો. મુસલમાન **'રહીમ'**નું નામ લઇને કૂદી પડ્યો અને એને પણ તેમ જ થયું.

એમ કહેવાય છે કે ત્યાં આગળ અચાનક આકાશમાંથી એક દિવ્ય વિમાન નીચે ઊતર્યું. અને બન્નેને સ્વર્ગ તરફ લઇ ગયું. તે દૃશ્ય જોનારમાંથી એક માણસનું મન લલચાયું. તે વિચારવા લાગ્યો કે એકલા 'રામે' કે 'રહીમે' જ એ લોકોને ઉચ્ચ પદે પહોંચાડી દીધા તો પછી હું બન્નેના નામ લઇને તેઓ કરતાં પણ અધિક યોગ્યતા પામી જઇશ. બસ, એટલો જ વિચાર કરીને તે પર્વતના શિખર પર ચઢી ગયો અને પછી નીચે કૂદી પડ્યો. તે અસ્થિર સ્વભાવનો માણસ હતો. નીચે પડતી વખતે તે શૂન્ય વાયુમંડળમાં વિચારવા લાગ્યો કે કયા વૃક્ષની શાખા પકડવી અને કયું નામ રામ કે રહીમ ઉચ્ચારવું. તે કોઇ વખત રામ નામનું ઉચ્ચારણ કરતો, તો કોઇ વખત રહીમનું નામ. કોઇ વખત તે એક વૃક્ષની શાખા પકડતો, તો કોઈ વખત બીજાની, એ રીતે એક ઉદ્દેશથી બીજા ઉદ્દેશ તરફ ભટકતો ભટકતો નીચે પડી ગયો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિણામે તેનાં શરીરના ચૂરેચૂરા થઇ ગયા. જે લોકો કોઇપણ એક ઉદ્દેશ પર સ્થિર ચિત્ત નથી રહેતા તેઓની આવી જ દશા થાય છે.

જ્ઞાનના વિષયોની એવી અદ્દભુત અસાધારણ વૃદ્ધિ થઈ રહી છે કે એક માણસ સર્વ વિષયોનું સંપૂર્ણજ્ઞાન મેળવી શકે એવી સંભાવના જોવામાં આવતી નથી. મનુષ્યનો જીવનકાળ ઘણો જ અલ્પ છે. સંસારમાં સર્વાંગ સત્યપૂર્ણ જ્ઞાનની દિનપ્રતિદિન ઉન્નતિ થઇ રહી છે. એ ઉપરથી જ કહેવામાં આવ્યું છે કે—

शास्त्रं ह्यनन्तं बहुलाश्च विद्याः
अल्पश्च कालो बहुविघ्नता च ।
यत्सारभूतं तदुपासनीयं
हंसो यथा क्षीरमिहाम्बुमध्यात् ॥

કોઇ એક જ વિષયનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવું અને એક જ વિષયમાં કુશળતા પ્રાપ્ત કરવી કઠિન છે, તો પછી મન કે વિષયો ઉપર ધ્યાન આપવામાં પોતાનાં તન મન ધનનો ક્ષય કરવાથી શો લાભ ? વિદ્વાનોના મત પ્રમાણે વર્તમાન સમયનો પ્રવાહ વિશેષતા તરફ વધારે ને વધારે વેગથી વહે છે. "The present is an age of specialization" આપણે આજકાલની સર્વ વાતો સંપૂર્ણ રીતે જાણી શકતા નથી એ નિર્વિવાદ વાત છે; એટલા માટે આપણે આપણી પોતાની સ્વાભાવિક રુચિ અનુસાર કોઈ એક જ વિષયમાં દૃઢ સંકલ્પપૂર્વક ઝૂકી પડવું જોઇએ. હા, સંસારમાં એવો એકાદ દુર્લભ મનુષ્ય હોય છે કે જે એક જ શરીર અને એક જ મગજ વડે બહુજન સાધ્ય કાર્ય કરી શકે છે. તે ચાહે તો તે એક સમર્થ ઇતિહાસકાર બની શકે છે, એકાદ મહત્વપૂર્ણ ધાર્મિક ગ્રંથ લખી શકે છે, રાજનીતિમાં નિપુણ બની શકે છે તેમજ સૃષ્ટિ તથા જીવનનાં તત્ત્વોનું અનુસંધાન પણ કરી શકે છે; ટૂંકામાં તે જે ચાહે તે કરી શકે છે. તેને માટે કોઈપણ વસ્તુ અસાધ્ય નથી હોતી તેનામાં અમુક પ્રકારની વિલક્ષણ શક્તિ રહેલી હોય છે. તેવા માણસને જ વસ્તુતઃ પ્રતિભા સંપન્ન કહેવામાં આવે છે. પરંતુ વિચાર કરવા જેવી વાત તો એ છે કે સંસારમાં એવા પ્રતિભાશાળી પુરુષો કેટલા મળી શકે એમ છે ? તેમજ એ પણ વિચારણીય છે કે શું તે પુરુષ ઉદ્દેશની એકતા વગર અને પરિશ્રમ કર્યા વગર પ્રતિભાશાળી બની ગયો છે ? પરિશ્રમ કરવાની અપરિમિત શક્તિને જ **'પ્રતિભા'** કહેવામાં આવે છે. પ્રતિભાશાળી પુરુષોનાં કાર્યો જોઈને એમ નથી સમજવાનું કે આપણે પણ વગર પ્રયત્ને તેમની માફક સઘળું એકદમ કરી શકશું. કોઇએ સાચું જ કહ્યું છે "આજકાલ અજ્ઞાત અથવા અર્ધજ્ઞાનની વાતો તજી દેવામાં જ બુદ્ધિમતા જ રહેલી છે; નહિ કે તેની પાછળ સમય ગુમાવવામાં."

ઉપર કહેવામાં આવ્યું તેમ આપણે ઉદ્દેશ એક જ હોવો જોઇએ અને તેની સફલતા માટે આપણે આપણી સમગ્ર શક્તિઓને કામે લગાડવી જોઇએ. હવે અહિં આ એટલું જાણવું જરૂરી છે કે આપણાં જીવનનો એ વિશિષ્ટ ઉદ્દેશ કેવો છે ? એ વિષયની વિસ્તૃત ચર્ચા કોઈ બીજા લેખમાં કરવામાં આવશે. પરંતુ અહિંઆ એટલું કહેવું ઉચિત લાગે છે કે આપણે બચપણથી આપણા અંતઃકરણની સ્વાભાવિક શક્તિ અને વૃત્તિ જોવા જોઇએ અને તેની પ્રવૃતિ કયી દિશા તરફ વધારે છે તેનો નિશ્ચય કરી લેવો જોઇએ. એ સ્વાભાવિક શક્તિ અને વૃતિનો જ વિકાસ વિદ્યાર્થીદશામાં કેળવણીની સહાયથી કરતા રહેવો જોઇએ અને એજ આપણા જીવનનું મુખ્ય કર્તવ્ય હોવું જોઇએ. આપણે માટે એટલું કરવું ઉચિત છે કે આપણે હંમેશાં એ માર્ગે ચાલતાં શીખવું જોઇએ, એ માર્ગને કંટક વગરનો બનાવવો જોઇએ. અને તેનું અનુસંધાન કર્યા કરવું જોઇએ. એ પ્રાકૃતિક માર્ગ પર અવલંબિત રહેવાથી અંતઃકરણની કોઈ એક શક્તિને પૂર્ણાવસ્થાએ પહોંચાડવાનો પ્રયત્ન કરવાથી આપણું જીવન જરૂર સફળ થશે.

કોઇ મનુષ્યમાં ગમે તેટલી તીવ્ર બુદ્ધિ હોય તો પણ જો તે સઘળી દિશાઓ તરફ ગતિ કરશે તો તેની ગતિ અવસ્ય મન્દ બની જશે. કેટલાક મનુષ્યો એક જ કામ કરતાં છતાં સફળ મનોરથ નથી બની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતા. તેનો દોષ તેમના પોતાના દુર્ભાગ્ય ઉપર મૂકે છે. પરંતુ તે તેઓની ભૂલ છે. સાચી વાત તો એ છે કે કાંતો તેઓ યોગ્ય રીતે કામનો આરંભ કરતા નથી. અને કાંતો તેઓ પોતાની ઇષ્ટ સિદ્ધિ માટે થોડા સમય સુધી ભગીરથ પ્રયત્ન કરીને બાકીનું કાર્ય આળસ અને અનુત્સાહથી કરે છે. જો કોઈ ઉદ્દેશ પરિપૂર્ણ કરવો હોય તો પહેલાં આપણે એટલું જોઇ લેવું જોઇએ કે આપણામાં તેના સંપાદનની યોગ્યતા રહેલ છે કે નહિ. જો ન હોય તો સૌથી પહેલાં યોગ્યતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. એ કાર્ય વિદ્યાર્થી અવસ્થામાં સફલતાપૂર્વક થઈ શકે છે. અહિં આગળ આધુનિક શિક્ષણ પદ્ધતિના વિષયમાં પણ એ જ વાત કહેવાની આવશ્યકતા જણાય છે. એ પદ્ધતિ આપણને એ શીખવે છે કે તમે કોઈપણ વિષયમાં અનભિજ્ઞ ન રહો. પરંતુ એ સિદ્ધાંત સર્વથા દોષ પૂર્ણ છે. જો આપણે કોઈ પણ એક વિષયમાં પૂર્ણતા પ્રાપ્ત કરવી હોય તો અન્ય વિષય તરફ ધ્યાન આપવું જોઇએ નહિ. આપણા ઇચ્છિત વિષયના જ અનુસંધાનમાં મનને એકાગ્ર કરીને આપણી સર્વ આંતરિક શક્તિઓને ઉપયોગમાં લેવી જોઇએ. નહિ તો આપણે કોઇ પણ વિષયમાં પૂર્ણતા પ્રાપ્ત કરી શકશું નહિ. એટલું ખરું કે ઘણી વાતોનું સાધારણ જ્ઞાન હોવું જરૂરી છે અને તે ઘણી જ સહેલાઈથી થાય છે. તેને માટે વિશેષ પરિશ્રમ કરવો પડતો નથી. તાત્પર્ય એ છે કે ઉદ્દેશની એકતા ઉપર જ સફળતાનો આધાર છે. કુદરતના કાર્યોમાંથી પણ આપણને એ જ બોધ મળે છે. જુઓ, જ્યારે વરાળ શૂન્ય આકાશમાં અહિંતહિં વિખરાઇ રહે છે ત્યારે તે કોઇ ઉપયોગમાં નથી આવતી. પરંતુ તે જ વરાળને જ્યારે એકત્ર કરવામાં આવે છે અને કોઈ યંત્રમાં દાખલ કરવામાં આવે છે ત્યારે તે મહાન ઉપયોગમાં આવી શકે છે.

એક જ વિષય તરફ ધ્યાન એકાગ્ર કરો, એક જ વિષયમાં પૂર્ણતાએ પહોંચો. આમ કહેવાની મતલબ એ નથી કે તમારે સારા નરસાનો ભેદ ન જોવો. ઉદ્દેશની એકતાનો એવો અર્થ નથી કે આપણે પાંચ અને દશનો સરવાળો પણ ન કરી શકીએ. જેઓ એમ સમજે છે કે ઉદ્દેશની એકતા આપણને એકપક્ષીય થવાનું શીખવે છે તેઓ મોટી ભૂલ કરે છે. આપણા નિશ્ચિત ઉદ્દેશની સફળતા માટે જરૂરી વાતોનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ કદિ પણ હાનિકારક હોઇ શકે નહિ. પરંતુ આપણા ઉદ્દેશની એકતાને અનેકતાનું રૂપ આપવાનો યત્ન કદિ પણ ન કરવો જોઇએ.

આપણો ઉદ્દેશ ઘણા જ ઊંચા પ્રકારનો હોવો જોઇએ એ વાતમાં મતભેદ હોઇ શકે જ નહિ. એક અંગ્રેજી કહેવત છે કે જે મનુષ્ય આકાશને લક્ષ્ય બનાવી નિશાન લગાવે છે તે કોઈ વૃક્ષ પર લક્ષ્ય કરનાર માણસ કરતાં વધારે ઊંચું નિશાન લગાવી શકે છે. એક વાત હમેશાં ધ્યાનમાં રાખવાની જરૂર છે કે એક તીરથી બે નિશાન કદિ પણ લગાવી શકાતા નથી. આ સંસારમાં પોતાની જીવનયાત્રા જેઓ સફળ કરવા ઇચ્છતા હોય તેઓએ હમેશાં '**एको देवः केशवो वा शिवो वा**' એ મંત્રનો વ્યવહારિક જાપ કરવો પડશે. જીવન સંગ્રામમાં વિજય પ્રાપ્તિ માટે એક અંગ્રેજ વિદ્વાને કહ્યું છે કે—

" One thing at a time and that done well is the way of happiness as many can tell. "

આ સાચી વાત છે. જેઓ ઉદ્દેશની એકતા ઉપર યોગ્ય લક્ષ આપે છે તેઓ સંસારમાં સુખ અને શાંતિ પ્રાપ્ત કરી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મારી ઉંમર પાંચ વરસની છે !

લેખક-બાલચંદ હીરાચંદ-માલેગામ

જ્ઞાનાનંદસ્વામી એક પીઢ અનુભવી અને અનેક ભાષાઓ અને ધર્મોના તત્ત્વજ્ઞ છે. એમની મુલાકાત લેવામાં મોટો આત્માનંદ અનુભવાય છે; અનેક શંકાઓનું નિરસન અનાયાસે થઇ જાય છે; તેઓ નિર્લોભી, ગુણગ્રાહક અને આત્માર્થી તરીકે પ્રસિદ્ધ છે, અને ગમે તેવા સામાન્ય માણસ સાથે પણ તેઓ સરળભાવ સાથે વાત કરે છે. એમની પાસે પૈસાદાર કે ગરીબ, જ્ઞાની પંડિત કે સામાન્ય માણસ એવો ભિન્નભેદ જરાએ નથી. એવી અનેક ગુણોની લોકમુખથી તેમની પ્રશંસા સાંભળી અમોએ તેમની મુલાકાત લેવાનું નક્કી કર્યું

એક મંદિરની બાજુમાં જ તેઓનો ઉતારો હતો. અમો તેમની મુલાકાતે ગયા ત્યારે તેઓ ભોજન કરી પોતાના આસન ઉપર આવી બેઠેલા હતા. અમોએ નમ્રભાવે તેમને અભિવાદન કર્યું. ત્યારે તેમણે પણ અમોને સામું અભિવાદન કર્યું. તેથી અમો પ્રભાવિત થઇ ગયા. અમોએ તેઓને પ્રાથમિક સુખ સમાધાનના પ્રશ્ન પુછયા. તેમણે આનંદપૂર્વક જવાબ આપ્યા અને અમારા સુખના સામા પ્રશ્નો પુછયા. સ્વામીજી ખૂબ વૃદ્ધ જણાતા હતા. જ્ઞાનનું અને અનુભવનું તેજ તેમના મુખ ઉપર તરવરી રહ્યું હતું. અમોએ તેમને સહેજે પ્રશ્ન કર્યો: સ્વામીજી આપ ઘણા વૃદ્ધ જણાઓ છો. આપની ઉંમર કેટલા વર્ષની ?

અમારો પ્રશ્ન સાંભળી સ્વામીજી ઉંડા વિચારમાં પડી ગયા. તેમણે મનમાં ગણત્રી ચલાવી હોય એમ અમોને જણાયું. ઉંમર કહેવામાં આટલો ઉંડો વિચાર શું કામ કરતા હશે, એવો અમને વિચાર થયો. એકાદ બે વરસ વધુ કે ઓછા કહેવામાં શું હરકત હતી ? ચોક્કસ વરસો કહેવાની અમોએ કયાં પૃચ્છા કરેલી હતી ? થોડી વારમાં સ્વામીજીએ આંખ ઉઘાડી શાંત ચિત્તે જવાબ આપ્યો: ભાઇ ઉંમર પાંચ વરસ કરતા કાંઈક ઓછી છે. આ જવાબ સાંભળી અમો તો આશ્ચર્યમાં પડી ગયા. અમોને એમ લાગ્યું કે, સ્વામીજી શું અમારી મશ્કરી કરતા હશે ? શું અમારી અજ્ઞાનદશાનો એ જવાબ હશે કે બીજો કાંઇ ઉંડો ભેદ હશે ?

સ્વામીજીને ધીમેથી અમોએ ફરી પ્રશ્ન કર્યો: સ્વામીજી આમ કેમ કહો છો ? આપની ઉંમર તો શીત્તેર વર્ષથી પણ વધુ હશે એમ અમોને લાગે છે. ત્યારે આપ ફક્ત પાંચ વરસ બતાવો છો એનો અર્થ શો ?

સ્વામીજીએ હસતા જવાબ આપ્યો: ભાઈ, તમો મારી ઉંમર શીત્તેર વર્ષથી વધુ હશે એમ ધારો છો એ પણ સાચું છે. તેમ મેં મારી ઉમર પાંચ વરસની જણાવી એ વસ્તુ પણ સાચી જ છે. એમાં શંકા જેવું કાંઈ પણ નથી. તમો જે શીત્તેર કે તેથી પણ વધુ ઉંમર ધારો છો તે ઉંમર મારા આ જડ શરીરની જરૂર છે. પણ એ શરીરને હાલમાં મારી ઉપાધિ તરીકે હું ઓળખવા માંડ્યો છું. એ ઉપાધિ હવે જીર્ણ થઇ ગઇ છે. એનાથી હું ધાર્યું કામ કરાવી શકતો નથી. એ ઘડી ઘડી થાકી જાય છે અને મારી આજ્ઞા માનતું નથી. હું ઇચ્છું છું કે વધારે કાર્યક્ષમ અને આજ્ઞાધારક નવું શરીર મને મળે, જેથી હું વધુ આત્મસાધના કરી શકું. મેં જે તમને મારી ઉંમર પાંચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વરસની બતાવી તે તો મારા આ ભવના આત્માની છે. શરીરની નહીં.

અમો સ્વામીજીની વાણીથી જાણે જુદી જ સૃષ્ટિમાં પ્રવેશી ગયા. અમે અમારી પામરતા અને અજ્ઞાનદશા સ્વામીજીને સમજાવી અને એજ મુદ્દા ઉપર વધુ પ્રકાશ નાખવાની સ્વામીજીને આજીજીપૂર્વક વિનંતિ કરી. સ્વામીજીએ અમારી આતુરતા અને જીજ્ઞાસા જાણી અમને કાંઇક ઉપદેશ કર્યો.

જુઓ ભાઈ! આપણે આ જગતમાં મનની સાથે જે વિચાર કરીએ છીએ, વચનમાં જે બોલીએ છીએ અને આચરણમાં જે કાર્ય કરીએ છીએ તે બધું આ આપણા જડ ઉદારિક શરીરને લેઇને જ કરીએ છીએ, આ શરીર એક વાહન છે, ઉપાધિ છે કે આપણા હાથમાં આવેલુ હથિયાર છે એ આપણે ભૂલી જઇએ છીએ આપણે પોતે શરીર નહીં પણ આત્મા છીએ અને શરીર એ અમુક સમય સુધી રહેવાનું આપણું ઘર છે એ વસ્તુ આપણે તદ્દન ભૂલી જ જઇએ છીએ. આ શરીર એ આપણે પોતે નથી પણુ આ શરીર આપણું છે. આપણે એના માલેક છીએ અને તેની પાસે આપણું એટલે આત્માનું કામ કરાવી લેવાનું છે. એ આપણે ભૂલી જ જઇએ છીએ. મેં આ શરીર એજ હું છું એમ ધારીને જ અત્યાર સુધી બધી ક્રિયાઓ કરી. શરીરને પોષવામાં, તેને વસ્ત્ર આભૂષણોથી સજાવવામાં, ટીલાં ટપકાં કરી તેની શોભા વધારવામાં તેને હૃષ્ટપુષ્ટ રાખવામાં, તેનું કહ્યું કરવામાં, તેની ઇદ્રિઓના શોખ પુરા કરવામાં મેં આખુ આયુષ્ય ખોયું છે. ધર્મકરણીના નામે પણ જે ક્રિયાઓ કરી તેમાં પણ શરીરના સુખની જ આશા અને માગણી રાખવામાં આવેલી હતી. તેથી જ હું માનું છું કે, મારૂ એટલું જીવન મેં ફોગટ વેડરી નાખ્યું છે. હું એટલે આત્મા છું અને આ શરીર એટલે પારકી ઉપાધિ છે, એતો અમુક દિવસ પછી છોડીજ દેવાનું છે એવો વિચાર સરખો પણ મેં કર્યો નહીં. તેથી જ મારી એટલી ઉમર નકામી ગયાનું હું માનું છું.

થોડાજ વરસો પહેલા મને દૈવયોગે એક સદ્‌ગુરુનો મેળાપ થયો. તેઓએ મારી સાન ઠેકાણે આણી. હું એટલે આત્મા છું. શરીર નહીં એવી મને ઓળખાણ કરાવી. શરીર એ તો આત્માનું કાર્ય કરી આપવાનું સાધન છે એવો સાક્ષાત્કાર તેમણે મને કરાવ્યો. ત્યારથી હું અવિચારના ઘોર અંધારામાંથી જાગૃત થયો. મને આત્માનો પ્રકાશ જણાવા માંડ્યો. મને ગૂઢ ધ્વનિ સંભળાવા માંડ્યો. અને અત્યાર સુધીના મારા જીવનનો મને પશ્ચાત્તાપ થયો. હું ચોંકી ગયો. અને હું ત્યારથીજ મારા આત્મિક જીવનની ગણત્રી કરવા માંડ્યો. અને તેથીજ મેં કહ્યું કે, મારી ઉંમર હજુ પુરા પાંચ વરસની નથી થઈ.

ભાઈ તમે શરીરની ઉંમરનો વિચાર કરો છો. જ્યારે હું મારા ભવની આત્માની ઉમરનો હું વિચાર કરૂ છું. તેને લીધેજ તમને મારા બોલવાનું આશ્ચર્ય લાગ્યું છે. પણ વાસ્તવિક રીતે જોતાં મારી ઉંમર કેટલી એ પ્રશ્ન તો મારા આત્માને અનુલક્ષીને હોય એમ હું માનું છું. એવી રીતે જોતા તો જ્યારથી મારો આત્મા સાથે ઓળખાણ થઇ એટલે હું શરીર નહીં પણ આત્માજ છું એમ મારી ખાત્રી થઇ ત્યારથીજ મારે તો આજીવનની ગણત્રી કરવાની રહી. માટેજ મે મારી ઉંમર લગભગ પાંચ વરસની ગણાવી છે. તમે પણ જો એ દૃષ્ટિથી વિચાર કરો અને શરીર એટલે હું નહી પણ આત્મા એટલે જ હું. તો તમે પણ મારી પેઠેજ તમારી ઉમરની પણ ગણત્રી એજ રીતે કરવા માંડશો.

આ ઉપદેશની અમારા ઉપર જે અસર થઇ તેવીજ દરેક ભાઈ બહેન ઉપર થાય એવા ઉદ્દેશથીજ અમોએ આ લખાણ કર્યું છે. અનેકોને એ બોધ થાય એજ અભ્યર્થના!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાધુસાધ્વી શિબિર શું અને શા માટે ?

લેખકઃ–મુનિ નેમિચન્દ્ર

આજે ચારે બાજુ સાધુ સાધ્વી શિબિરની ચર્ચા ચાલી રહી છે. અનેક સાધુ સાધ્વીઓ અને વિચારક ગણાતા સદ્‌ગૃહસ્થોના શિબિરને આવકારતા પત્રો આવી રહ્યા છે. કેટલાક સાધુસાધ્વીઓ શિબિરમાં આવવા માટે તૈયાર થઈ વિહાર કરી ચૂક્યા છે, કેટલાક કરવાના છે. કેટલાકને સાધુસાધ્વીઓના દિમાગમાં 'શિબિર' નામ સાંભળીને તરત કુતૂહલ જાગે છે કે શિબિર એટલે શું ? શું સાધુસાધ્વીઓને ભેગાં કરીને કવાયદ કરાવશે અથવા કાંઇક ઉત્પાદક શ્રમ કરાવશે ? શું શિબિરમાં સાધુસાધ્વીઓના સંપ્રદાયગત નિયમો, મર્યાદાઓ કે પરંપરાઓ છોડાવી દેવામાં આવશે ? અથવા બધાયના વેષાંતર અગર તો સંપ્રદાયાંતર કરાવવામાં આવશે ? હું આ બધાય પ્રશ્નોનો જવાબ 'ના'માં આપું છું.

જે શિબિરના પ્રેરક પોતે સાધુ હોય, જે સંપ્રદાયાન્તર, વેષાંતર કે ધર્માંતર કરવામાં પોતે ન માનતા હોય, તે બીજાને સંપ્રદાયાંતર, ધર્માંતર કે વેષાંતરનું કેમ કહી શકે ? શિબિરના પ્રેરક મુનિશ્રીને પોતાને સાધુતા પ્રિય છે, પોતાને સાધુજીવન વહાલું છે, એટલે તેઓ પૂર્ણ વફાદારીથી સાધુતા અને સાધુજીવન માટે જ બીજાં શિબિર–પ્રવિષ્ટ સાધુસાધ્વીઓને પ્રેરવાના; આમાં શંકાને જરાય અવકાશ નથી.

શિબિર મૂળે તો વિશ્વવંદનીય, પ્રાણિમાત્રના રક્ષક અને માતાપિતા સાધુસાધ્વીઓને તેમના અસલી સ્વરૂપનું, ધ્યેયનું અને જવાબદારીનું ભાન કરાવવા અને તદનુરૂપ નિરવદ્યરીતે સક્રિય આચરણ કરવાનું સાચું શિક્ષણ આપવા માટે એક શિક્ષણાલય છે. જે સાધુસાધ્વીઓ આત્મકલ્યાણની સાથે વિશ્વકલ્યાણ સાધવાની સાધના કરવા માટે નીકળ્યા છે, તેમની તદનુરૂપ આચરવાની યોગ્યતા, કાર્યક્ષમતા અને કર્તવ્યશક્તિ વધારવા માટે છે.

જે સાધુ સાધ્વીઓ પોતાના ધ્યેયને અનુસરીને વિચારવા અને આચરવા માગે છે, પોતાની જવાબદારીને અનુરૂપ જ્ઞાન દર્શન અને ચારિત્ર્યની સર્વાંગીણ અને સામૂહિક સાધના કરવા માગે છે, આત્મકલ્યાણની સાથે સમાજકલ્યાણની સાધના કરવા માગે છે. માનવજીવનના દરેક ક્ષેત્રે ધર્મ અને નીતિની પ્રેરણા આપવા માગે છે, સમાજ અને આત્માની જાગૃત ચોકી કરવા માગે છે, સાધુતાને સાર્થક કરવા માગે છે, સાધુજીવનનો સાચો આનંદ માણવા ઇચ્છે છે, સાધુજીવનમાં તેજસ્વિતા, પવિત્રતા, નિર્ભયતા, વીરતા, સત્યતા, અગુપ્તતા વગેરે સાચા ગુણોને વિકસાવવા તલસે છે; પાંચ મહાવ્રતોની દૃઢ રૂપે સાધના કરવા તથા સત્ય–અહિંસા આદિ ધર્મોનો સાક્રય અને સામૂહિકરૂપે વિશ્વમાં પ્રયોગ કરવા અભિલષે છે, આજના સમાજ, રાષ્ટ્ર અને વિશ્વના નવાનવા કોયડાઓ અને પ્રશ્નોનો ઉકેલ ધર્મદૃષ્ટિએ કરવા માગે છે, સમાજમાં પ્રચલિત અન્યાય, અનીતિ, અત્યાચાર વગેરે દૂષણો સામે અહિંસક ઢબે પ્રતીકાર કરી–કરાવી સમાજ શુદ્ધિ કરવા માગે છે, તેવા યુગલક્ષી વિચારક માનવંતા સાધુસાધ્વીઓને, યોગ્ય માર્ગદર્શન, પ્રેરણા, સુઝાવ, સહયોગ અને હૂંફ આપવા માટે આ શિબિર છે.

જુદા–જુદા સંપ્રદાયના સાધુસાધ્વીઓ શિબિરમાં એક બીજા સાથે મળશે, વિચારશે, અનુભવોનું આદાનપ્રદાન કરશે, વિચારોની આપ–લે કરશે, સુઝાવ–પરા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મર્શોનો વિનિમય કરશે; એનો લાભ વાત્સલ્યવૃદ્ધિ–સ્નેહવૃદ્ધિ તો છે જ, અનુભવવૃદ્ધિ પણ એનાથી ઓછી નહિ થાય ! એક બીજાનું ઘડતર અને જીવનનો વિકાસ પણ થશે જ.

કેટલાક વધારે અનુભવી અને શાસ્ત્રજ્ઞ ગણાતા સાધુસાધ્વીઓ એમ માને છે; અમારે શિબિરમાં જઈને શું શીખવાનું છે ? અમે બધું જાણીએ છીએ અગરતો પોતાની મેળે આચરીએ છીએ; શિબિરમાં બીજું શું મળવાનું ? આવી–આવી અનેક શંકાઓ શિબિર વિષે થઈ શકે; પણ જેઓ ખરેખર અનુભવી, શાસ્ત્રજ્ઞ અને વિચારક છે; તેમનો સાચો ધર્મ એ થઇ પડે છે, કે જેઓ તેમનાથી ઓછા અનુભવી હોય, જિજ્ઞાસુ હોય અથવા ઓછા વિચારક હોય, તેમને પોતે સમાજથી જે કાંઈ અનુભવો, શાસ્ત્રજ્ઞાન કે વિચારો મેળવ્યા છે, તે આપે અને અનુભવીઓ પણ આવો દાવો કરે તો ખોટો છે કે હું બધું જ જાણું છું; કેમકે જ્ઞાનનો તો પાર જ નથી, વળી કેવળજ્ઞાની આગળ તેમનું જ્ઞાન અત્યલ્પ છે જ એટલે કદાચ એમ પણ બને કે તેઓ બીજું જ્ઞાન ધરાવતા હોય, અને શિબિરમાં યુગાનુરૂપ નવું નવું જ્ઞાન–અપૂર્વજ્ઞાન. પણ મળે, તો લેવામાં કાંઈ વાંધો છે ખરો ? ખરેખર શિબિર તો જ્ઞાનની એક પરબ છે, જ્યાં જેની પાસે જ્ઞાન જળ હોય, તે બીજાને પાય અને જેની પાસે ઓછું હોય, પિપાસુ હોય તે પાવે. નિઃસ્વાર્થ ભાવથી નિષ્કામભાવથી શિબિરનું કાર્ય ચલાવવાનું છે, શિબિરની પાછળ કોઈ સ્વાર્થ સાધવાની, નવો સંપ્રદાય ઊભો કરવાની, પ્રતિષ્ઠા મેળવવાની શિબિરપ્રેરકની ભાવના નથી; કોઈ રાજકીય–કે સામાજિક પદ મેળવવાની દૃષ્ટિ પણ નથી.


શિબિર નિષ્કામ ભાવનાથી સાધુ સંસ્થાના સુયોગ્ય સાધુસાધ્વીઓને વિચાર અને આચારની દૃષ્ટિએ તૈયાર કરી તેમને સમાજને ચરણે ધરવા માટે છે. કોઇ આચાર્ય, ગુરૂ, કે પ્રવર્તિની અગર તો મોટા સાધુસાધ્વી એમ ન માની બેસે કે અમારા શિષ્ય–શિષ્યા કે સાધુસાધ્વીને બહેકાવી, ફોસલાવી, પોતાના બનાવી લેશે, અથવા પોતાના સંપ્રદાયમાં લઈ લેશે; આવી કોઈ બદ દાનત શિબિર પાછળ છે જ નહિં; જે માટે સાધુસાધ્વી શિબિર સંયોજનામાં પૂરો ખુલાસો કર્યો જ છે. એટલે આજે જેમણે વિશ્વબંધુ અને વિશ્વરક્ષકની જવાબદારી ઊપાડી છે, એવા પૂ. સાધુસાધ્વીઓમાં તેને માટેની યોગ્યતા પ્રગટાવવી જો જરૂરી હોય તો શિબિરની અનિવાર્યતા આપોઆપ ઊભી થઈ જાય છે.

આશા છે, 'સાધુસાધ્વી શિબિર' માટે સુયોગ્ય, વિચારક સાધુસાધ્વીઓ આ વાંચીને તરત તૈયાર થઇને પોતાનો સ્વીકૃતિ સૂચક પત્ર લખશે, અને શિબિરમાં પધારશે. શિબિરમાં સૌ પોતપોતાના સંપ્રદાયગત નિયમો, મર્યાદાઓ કે પરંપરાઓ પાળી શકશે. શિબિરમાં પધારનાર સૌ સાધુસાધ્વીઓની યોગ્ય વ્યવસ્થા પણ થશે જ, તેમને કોઇ પણ જાતની અગવડ થવા દેવાશે નહિ. શિબિર વિષે જેમને વિશેષ કાંઇ પૂછવું ઘટે, તેઓ નિઃસંકોચ પૂછાવી શકે છે. મોટા સાધુસાધ્વીઓ, આચાર્યો, ગુરુઓ હવે નિઃસંકોચ અને નિઃશંક થઇને સાધુસાધ્વી–શિબિરમાં પોતે પણ પધારશે ખરા ? અગરતો પોતાના શિષ્યશિષ્યાઓને મોકલશે ખરા ? શિબિરમાં આવનાર સાધુસાધ્વીઓની વિનય અને સન્માન મર્યાદા બરાબર જળવાશે. એમાં કાંઇ કહેવાનું હોય જ નહિ. શિબિર વિષે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવો:—મુનિ નેમિચંદ્ર C/o વિશ્વવાત્સલ્ય કાર્યાલય, હઠીભાઇની વાડી, અમદાવાદ–૧

શિબિરની સફળતા સાધુ સંસ્થાની સફળતા છે, શિબિરનું નિરવદ્યકાર્ય સાધુ જીવનનું કાર્ય છે, એ વાત સૌ લક્ષમાં રાખે, એજ વિનંતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આવી નાની વાતો ઉપર જ જીવન નાવનો આધાર છે....

કેટલાક માણસો સૌને પ્રિય હોય છે. એમની મોહિની ખીલતા ફૂલ જેવી માદક હોય છે. સૌ એમનો સમાગમ શોધતા ફરે છે તો વળી કેટલાક માણસો એવા હોય છે કે જેમનાથી સો ગાઉ દૂર રહેવામાં જ સાર છે એમ લાગે. આપણે સારા હોઈ શકીએ. છતાં સૌના માનીતા ન યે હોઇએ. આવે ટાણે દુનિયાને દંડવાને બદલે આત્મ નિરીક્ષણ કરવાની મશાલ ધરી આપણી જાતને પૂછી જોવું કે નીચે વર્ણવેલ એક યા બીજું દૂષણ આપણામાં છે ખરૂ ?

આપણી જીભ આપણને પ્રિય યા અપ્રિય બનાવનારૂં મુખ્ય વાહન છે. સમજુ માણસો પોતાને માટે જેમ બને એમ ઓછી વાતો કરે છે. પોતાની ગુલ બાંગો હાંકે રાખવી, પોતાના ગુણગાન ગાયે રાખવા, એમાં ખાનદાનીની ખોટ વરતાય છે. આવી વ્યક્તિઓ માનને પાત્ર ઠરતી નથી. આ પ્રકારનાં માણસોને સીધી કે આડકતરી રીતે પોતાની જ વાતો કરવી ગમે છે. પોતે શું વિચારે છે, પોતે શાં શાં સેવાકાર્યો બજાવે છે, પોતે શું શું જાણે છે, તેનાં લાંબા–ટૂંકા અહેવાલો એક વાર નહિ પણ ચવાઈ–ચૂંથ ઇ જાય તેટલી વાર વર્ણવ્યા જ કરવાની એમને કુટેવ હોય છે. એવી વ્યક્તિની વાતોમાં પોતે સૌથી વધુ દીપી ઉઠે તે રીતે વાતને વળાંક અપાય છે, અથવા બીજાઓએ પોતાનાં શાં શાં વખાણ કરેલાં તેની લાંબી વાતો હોય છે. આવી વ્યક્તિઓનો સમાગમ અસહ્ય નીવડે તેમાં શી નવાઇ ? આથી ઉલટું, કેટલાકને વાતવાતમાં પોતાની જાતને ઉતારી પાડવાની ટેવ હોય છે. એમનો સમાગમ પણ રસહીન નીવડે છે. બનાવટી નમ્રતા અપ્રમાણિકતા જેટલી જ તિરસ્કૃત છે.

કુટુમ્બની વાતો અને કુથલીઓ જ્યારે માઝા મૂકી કાન ભંભેરણીની કક્ષાએ પહોંચે ત્યારે તેવી વાતો કરનાર વ્યક્તિ અપ્રિય બને છે અને અવિશ્વાસને નોતરે છે. વણમાગી સલાહ આપનાર વ્યક્તિનો હેતુ બહુ પ્રમાણિક હોય છતાં પણ વણમાગી સલાહ આપવાથી એના માન ઓસરે છે. દરેક વ્યક્તિને પોતાના વિચારો હોય છે, કામ કરવાની પોતાની રીત હોય છે. તેમાં વચમાં માથું મારનાર કબાબમાં હાડકાંની ગરજ સારે છે. જ્યારે આપણી સલાહની જરૂર પડશે ત્યારે સૌ આપણને પુછતાં આવશે. ત્યાંસુધી પોતાના વિચારો પોતાની પાસે જ રાખવા એમ સમજુઓ માને છે અને તે પ્રમાણે વર્તે છે.

બીજાની ખાનગી વાતો જાણવાની જિજ્ઞાસા સેવવી, તે દૃષ્ટિએ સવાલોની પરંપરા ચલાવવી, એ સભ્ય લક્ષણ નથી. જેમ આપણી બધી વાતો સૌ જાણે એમ આપણે ઈચ્છતા નથી, તેમ સામાને પણ પોતાની વાતો પોતા પાસે જ રાખવી ગમે છે એ આપણે સમજવું જોઇએ. પારકી પંચાત સૌ મનદુઃખનું મૂળ છે.

પોતાનાં રોદણાં રડનાર વ્યક્તિને સંઘરવી મુશ્કેલ છે. આપણે તો રોદણાં રડી મનને હલકું ફૂલ કર્યું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ સામા માણસને એમાં શી મઝા આવી હશે તેનો ખ્યાલ કરો વારુ? આવી વ્યક્તિનું મિત્રમંડળ ધીરે ધીરે ઘટીને શૂન્ય પર આવી જાય છે. પોતાનું દુઃખ અને મુશ્કેલીઓને દબાવી દઇ જે વ્યક્તિ પાંચ માણસ આગળ હસી-હસાવી જાણે છે તે સૌને પ્રિય લાગે છે.

વાત કરનાર સાથે સહમત થવા કોશિશ કરવી એ સારો ગુણ છે, સહમત ન થતાં કોઇક વાર મૌન ધરવું પણ ઉચિત છે. જોરશોરથી વિરોધ નોંધાવવો ઠીક નથી. એનો અર્થ એ નથી કે આપણું વ્યક્તિત્વ ખોઈ હામાં હા ભણે રાખવી. જો આપણા આદર્શો સાચા હોય, અને તેનું પાલન કરવાનો પ્રમાણિક પ્રયાસ નિત્ય કરતા હોઇએ; તો તે આદર્શો દ્રઢતાથી સમજાવવાનો આપણને સંપૂર્ણ હક્ક છે (એટલું જ કે મહાન આદર્શોની મોટી મોટી વાતો કરતાં પહેલાં દિલને તપાસી જોવાની ઘણી જરૂર છે.)

આ બધી નાની નાની વાતો છે. પણ આવી નાની વાતો ઉપર જ જીવનનું નાવડું હાલકડોલક થતું રહે છે. એને તારવું કે ડુબાડવું એ જીવન જીવવાની આપણી કળા ઉપર અવલંબે છે.

('ઇવ્ઝ વીકલી' ઉપરથી અનુ. 'અનામી')

# સમયનું મૂલ્ય

કામ કરવામાં સમય ગાળો, સફળતાનું એ મૂલ્ય છે.
વિચાર કરવામાં વખત ગાળો, એ બળનો સ્રોત છે.
રમવામાં વખત ગાળો, એ યૌવનનું રહસ્ય છે.
વાંચવામાં વખત ગાળો, એ ડહાપણનો ઝરો છે.

મૈત્રિની ભાવના કેળવવામાં વખત ગાળો, એ સુખ તરફ લઇ જતો માર્ગ છે.

સ્વપ્નો જોવામાં વખત ગાળો, તમારી યાત્રાનો તારાઓ સુધી તે સેતૂ બાંધે છે.

પ્રેમ કરવામાં અને પ્રેમ પામવામાં વખત ગાળો, એ ઇશ્વરનો દિવ્ય અધિકાર છે.

તમારી આસપાસ નિહાળવામાં વખત ગાળો, દિવસ એટલો ટૂંકો છે કે સ્વાર્થી બની શકાય નહિ.

હસવામાં વખત ગાળો, એ આત્માનું સંગીત છે.

**—એક આયરીશ પ્રાર્થના**

For Private And Personal Use Only

# બે ગુણની અત્યારે ભારે જરૂર છે-
# એક કરુણા અને બીજો સંયમ

સમાજ અને વ્યક્તિનાં સુખ જુદાં જુદાં નથી. ખરું જોતાં વ્યક્તિનું સુખ સમાજના સુખમાં સમાઇ જાય છે. જો દરેક મનુષ્ય સમાજની ઉન્નતિમાં પોતાની શક્તિ લગાવે તો સમાજ ખૂબ સુખી થાય અને તેથી વ્યક્તિ પણ સુખી થાય. પરંતુ આ માટે બે ગુણની ભારે જરૂર છે—એક કરુણા અને બીજો સંયમ.

મનમાં કરુણાભાવ ભર્યો હોય તો આપણામાંથી કોઇનું દુઃખ નહિ જોઇ શકાય, નહિ સાંખી શકાય. દુનિયામાં દુઃખ તો બહુ છે પરંતુ આપણે હૃદય કઠણ બનાવીને બીજાનાં દુઃખ સાંખી લઇએ છીએ ને તેની પરવા કરતા નથી. જેઓ આસ્તિક છે તેઓ કહે છે કે, "આપણે તે શું કરીએ?" આમ નાસ્તિકેએ એ ભાર ઈશ્વરને માથે નાખ્યો પણ એમાંથી કોઈ એ દુઃખ મટાડવાનો ભાર પોતા પર લેતું નથી.

આથી તો કરુણા ઉપર ભાર મૂકવાની આજે ખૂબ જ જરૂર છે. લોકો એમ સમજે છે કે પંચવર્ષીય યોજના ચાલે છે એનાથી હિંદુસ્તાનની સંપત્તિ વધશે અને એથી લોકો સુખી થશે. પરંતુ યોજના પણ ત્યારે જ સફળ થવાની છે જ્યારે લોકોમાં પરસ્પર પ્રેમભાવ પેદા થશે અને સૌનાં દિલમાં કરુણા પ્રગટશે.

એ જ રીતે સામાજિક જીવનમાં સંયમની પણ ભારે જરૂર છે. સંયમ એટલે આપણા સુખોપભોગની મર્યાદા નહિ બાંધીએ તો બીજાઓની સાથે અથડામણ થયા વિના રહેવાની નથી. બીજાને જે ન મળે તે આપણને ભોગવવાનો બિલકુલ અધિકાર નથી એવી ભાવના મનમાં દૃઢ થવી જોઈએ.

શાસ્ત્રોમાં કહ્યું છે કે જ્યાં ભોગની મર્યાદા સચવાતી નથી ત્યાં ચોરી આવ્યા વિના રહેતી નથી. રાતમાં ચોરી થાય છે તે તો સાવ સાધારણ છે ને મૂર્ખાઓ જ એવી ચોરી કરે છે. પરંતુ આજ તો ધોળે દિવસે ખુલ્લામાં ચોરી થાય છે. અને દુનિયાની સ્થિતિ પણ એવી વિપરીત થઈ છે કે એવી ચોરી કરનાર પાછા સન્માન પણ પામે છે. આપણે આપણું જીવન તપાસીએ તો ખ્યાલ આવશે કે આપણે પોતે રોજ કેટલી ચોરી કરીએ છીએ. આમ વિચારી ઉત્તરોત્તર સુખોપભોગ ઓછા કરતા થઇએ, જે ચીજની આપણને અનિવાર્ય જરૂર ન હોય તે છોડતા જઇએ અને સૌની હારમાં રહેતાં શીખીએ. જરા પાછળ રહીએ તેનો વાંધો નથી પણ સુખોપભોગમાં કોઇથી આગળ તો ન જ જઇએ. જે સુખ સર્વસુલભ હોય તેટલાં જ ભોગવીએ; એ કરતાં ય ઓછાથી ચલાવી શકીએ તો વળી વધુ સારું. મતલબ કે સમાજના દરેક મનુષ્યમાં કરુણા અને સંયમ જેટલા વધે તેટલી સમાજરચના વધુ સારી થવાની.

આજકાલ જીવનધોરણ વધારવાની વાતો ચાલે છે. એનો અર્થ એટલો કે આજે જે ખાવાપીવાનું મળે છે તેના કરતાં વધુ સારું ખાવાપીવાનું મળે અને આજના કરતાં વિશેષ સુખસગવડ મળે. પરંતુ તેમાં ય વિવેક રાખવાની જરૂર છે. કપડાં બહુ જ ઓછાં હોય તેને બરાબર મળવાં જોઇએ. પણ બહુ ઝાઝાં કપડાં પહેરતાં હોય તેને કપડાંનું ધોરણ વધારવાથી ખુલ્લી હવાનું ધોરણ ઘટી જશે તેનું શું? સામગ્રી વધવાથી સુખ વધે છે તે ખ્યાલ ખોટો છે. હા, એટલું જરૂર કે જીવનની કેટલીક આવશ્યકતાઓ પણ નથી મળતી તેમાં ધોરણ જરૂર વધવું જોઇએ પરંતુ તેમાં એક વાતનું ધ્યાન રાખવું ખાસ જરૂરી છે અને તે એ કે મારું સુખ વધે એ ખ્યાલ ખોટો છે. આખા સમાજનું સુખ વધે એની સાથે અથવા તો એની પાછળ પાછળ મારું સુખ પણ વધે એ રીતે વિચારવું જોઇએ અને આખા સમાજનું સુખ વધે તે માટે વ્યક્તિગત સંયમની ખૂબ જરૂર રહેશે.

—વિનોબા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વધર્મ

દરેક મનુષ્યનું શરીરબંધારણ અને પ્રકૃતિબંધારણ જુદા જુદા પ્રકારનું હોય છે. તેથી પ્રત્યેક મનુષ્યને તેટલે અંશે જુદાંજુદાં હવાપાણી ને વ્યવસાય અનુકૂળ આવે છે. રશિયન લોકોનો ખોરાક ને વ્યવસાય આપણને હિંદમાં સર્વાંશે કોઈ રીતે અનુકૂળ ન આવે. આપણને સર્વથા અનુકૂળ હોય તે ખોરાક તથા વ્યવસાય આપણે સ્વીકારીએ તેમાં આપણો સ્વધર્મ છે.

સ્વધર્મ એટલે પોતાના પ્રાકૃતિક બંધારણ પરિસ્થિતિમાંથી આપણા અંગત હિત માટેનો માર્ગ બીજા કોઈ માર્ગે ચાલનારા બીજા માણસો ગમે તેટલા આગળ વધ્યા હોય પણ તે માર્ગ, જો આપણી પ્રકૃતિથી વિરુદ્ધ હોય, આસપાસની પરિસ્થિતિનો આપણા હિતમાં તોડ લાવનાર ન હોય તો એ માર્ગ આપણા માટે નકામો છે, એ માર્ગ આપણો નથી, પારકો છે; એ સ્વધર્મ નથી, પરધર્મ છે.

જે માર્ગે આપણું અવશ્ય કંઈક કલ્યાણ થાય, ને ભાવી ઉન્નતિનાં દ્વાર સ્પષ્ટ રીતે ખુલ્લાં થતાં જાય તે આપણો સ્વધર્મ છે. એનું થોડું કે આચરણ આપણા લાભમાં છે. પરંતુ જેમાં આપણું અન્તિમ હિત નથી તે મિથ્યા પરિશ્રમ છે, અવનતિકારક છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાકાર એટલે જ તેને 'ભયાવહ' તરીકે ઓળખાવે છે.

—પારાશર્ય

## હોવું ને દેખાવું

નાટકમાં રાજાનો પાઠ ભજવનારો, નાટક ચાલે તેટલો વખત રાજા તરીકેનું માન ખાટી જાય તેથી તે રાજા થઈ શકતો નથી તેમ એ રાજા હોતો પણ નથી.

હોવું એ એક વાત છે અને દેખાવું એ બીજી જ વાત છે. આપણે કેવા છીએ તે આપણા પોતાના હાથની વાત છે પણ આપણે કેવા દેખાઈએ છીએ તે આપણા હોવા ઉપરાંત, જોનાર આપણને કેવી આંખે, કેવી પરિસ્થિતિમાં જુએ છે તેના પર આધાર રાખે છે.

માણસ પોતે જેવો હોય તેવો દેખાય તે જ યોગ્ય છે, પણ પોતે સારો હોય નહીં ને સારો થવા અશક્ત હોય અથવા સારો થવા માગતો ન હોય ત્યારે તે સારો દેખાવા મહેનત કરે છે ખોટો રૂપિયો ચલણી રૂપિયાનું કામ કાઢી જવા મથે ત્યારે ઘણી વાર તે ફાવી જાય. પણ જેમ ખોટો રૂપિયો કદી સાચો બનતો નથી તેમ સારા દેખાવાથી મનુષ્ય સારો થઇ શકતો નથી. અને સારો થયા વગર અન્તિમ કલ્યાણ કે શાન્તિ મળી શકતાં નથી. સંતો અને સજ્જનો તેથી, પોતે કેવા દેખાય છે તે તરફ ધ્યાન ન દેતાં પોતે પૂર્ણપણે સારા થવા મથે છે.

—પારાશર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

(૧)

રાગદ્વેષ એ ભયંકર આગ છે, સાધુઓ બંબાવાળા છે,
અને ધર્મોપદેશ એ પાણીનો ધોધ છે.

(૨)

નરજન્મ સુંદર પુણ્યથી, પામી વૃથા ખોશો નહીં,
વીર પુત્રો ધર્મ કરતાં દુઃખને જોશો નહીં.

(૩)

ક્રોધ અજિરણ તપતણું, જ્ઞાનતણું અહંકાર,
પરનિંદા કિરિયાતણું, વમન અજિર્ણ આહાર.

(૪)

દેવ વિષયી નારક દુઃખી, બુદ્ધિહિન તિર્યંચ.
માત્ર મનુષ્યભવનીમહિં, સત્ય ધર્મને સંચ.

(૫)

હાટ હવેલી હેમ હીરા, અહીં બધુંએ રહી જશે,
ધર્મહિન ઓ જીવડા? પરલોક જાતાં શું થશે?

(૬)

દુઃખનું મૂળ લોભ, સુખનું મૂળ સંતોષ.

(૭)

સાપ કરતાં પાપ વધારે ભયંકર છે.

(૮)

ધર્મ વિનાનો ધનવાન ભાવિકાળનો ભિખારી છે.

મુનિશ્રી લક્ષ્મીસાગરજી

મુદ્રક: હરિલાલ દેવચંદ શેઠ, શ્રી આનંદ પ્રીં. પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only